# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ ૩૯૨૫-૪ | તારીખ : ૦૭ - ૦૬ - ૨૦૨૨

રજી. એડી. પત્ર

પ્રતિ,
મે. સિલ્વર કન્ઝ્યુમર ઇલેક્ટ્રિકલ્સ પ્રા. લિ.
રાજકોટ-ગોંડલ હાઈવે, કિશન પેટ્રોલ પંપ પાસે, મેગોટોકસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. પાછળ,
મું. પો. : કાંગસિયાળી, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૨
મોબાઈલ : ૯૯૨૫૦૧૫૬૧૦

વિષય : ૫૮૫ KVA નું એચ.ટી. વીજ જોડાણ મળવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૨૯-૦૪-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૮/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ


પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૮/ક્વા-૧/૨૨-૨૩/૩૯૨૧-૪ તા.૦૧/૦૬/૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG- ૧૮/ક્વા-૧/૨૨-૨૩**

| | |
|---|---|
| અરજદાર | : મે. સિલ્વર કન્ઝ્યુમર ઇલેક્ટ્રિકલ્સ પ્રા. લિ. ગામ: કાંગશીયાળી |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે સાવન કે. કૈલા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય |
| રજૂઆત કરનાર | : શ્રી આર.પી.અઘેરા, નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય |

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | -શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય(ટેકનીકલ) | -શ્રી ડી.વી.લાખાણી |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૩૧-૦૫-૨૦૨૨ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૩૧-૦૫-૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ દ્વારા હરીપર તરવડા ગામે મેં. સિલ્વર કન્ઝ્યુમર ઈલેક્ટ્રીકલ્સ પ્રા. લી. ના નામનું ૫૮૫ કેવીએનું નવું એચ.ટી. વીજજોડાણ માંગેલ છે. સદર વીજજોડાણ માટેના તમામ જરૂરી ડોક્યુમેન્ટ સાથે તા:૦૬-૦૧-૨૦૨૨ ના રાજકોટ ગ્રામ્ય વિભાગીય કચેરીમાં અરજી દાખલ કરેલ. સદર અરજી કર્યા ના ૩૫ દિવસ બાદ સંલગ્ન કચેરી દ્વારા અરજદારને રજીસ્ટ્રેશન ચાર્જ ભરવા માટે જણાવતા અરજદાર દ્વારા તા.૧૦.૦૨.૨૦૨૨ ના રોજ રજીસ્ટ્રેશન ચાર્જ ભરેલ હતો. અરજદાર વધુમાં જણાવે છે કે તેઓનું ફેક્ટરીનું બાંધકામ અને મશીનરીનું ઇન્સ્ટોલેશન પૂર્ણ થવામાં છે.

અરજદારને તાત્કાલિક વીજજોડાણની જરૂરિયાત હોવાથી સદર બાબતે સ્થાનિક ઓફીસે તપાસ કરતા અરજદારને જણાવેલ કે તા.૦૪-૦૩-૨૦૨૨ ના "આપની અરજી રદ કરવામાં આવેલ છે" તેવો પત્ર મોકલેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે જેટકોએ કંડીશનલી કંકરન્સ આપેલ હોય, આપની અરજી રદ કરવામાં આવેલ છે. સદર બાબતનો કેન્સલેશનનો પત્ર અરજદારને આજદિન સુધી મળેલ નથી.

૨.૧ ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા સદર પત્રની નકલ માંગતા રાજકોટ ગ્રામ્ય વિભાગીય કચેરી પાસે પણ પત્રની નકલ ન હતી ફક્ત આઉટવર્ડ રજીસ્ટરમાં નોંધ હતી. સદર પત્રની માંગણી કરતા કોમ્પ્યુટરમાં રહેલ ડ્રાફ્ટની પ્રીન્ટ કાઢી અને તેમાં આઉટ વર્ડ નંબર નાખી અને કાર્યપાલક ઈજનેરની સહી વગરનો પત્ર અરજદારને આપેલ જેમાં તા.૦૪-૦૩-૨૦૨૨ હતી જે પત્ર ની નકલ રજુ કરેલ છે.

૨.૨ અરજદાર વધુમાં જણાવે છે કે જી.ઈ.આર.સી.ના નોટીફીકેશન મુજબ જયારે કોઈપણ ગ્રાહક વીજજોડાણ માંગે એટલે તુરંત જ રજીસ્ટ્રેશન ચાર્જ ભરાવી અને ૭ (સાત) દિવસમાં એસ્ટીમેટ આપવાનું હોય છે તેમ છતાં અરજદારને અરજી સ્વીકાર્યાના ૩૫ દિવસ પછી રજીસ્ટ્રેશન ચાર્જ ભરાવેલ છે અને ૮૩ દિવસ બાદ પણ હજુ સુધી એસ્ટીમેટ આપેલ નથી. વિશેષમાં અરજદાર જણાવે છે કે જેટકો દ્વારા કંડીશનલી કંકરન્સ આપેલ છે. તેથી પીજીવીસીએલ દ્વારા અરજી રદ કરેલ છે તેવું જણાવેલ છે જો અરજદારને હાલની તકે સ્ટોપ ગેપમાં સમાવેશ કરી અંદાજપત્ર આપવામાં આવે તો અન્ય પ્રોસીઝર છે તે પૂર્ણ થાય અને જેટકોની કંકરન્સ મળ્યે તાત્કાલિક વીજજોડાણ મળી શકે.

૨.3 અરજદારને વીજજોડાણ આપવાની પ્રોસીઝરમાં સામાન્ય રીતે ૪૫ દિવસનો સમય થતો હોય છે જો અરજદારની ઉપરોક્ત માંગણી સ્વીકારવામાં આવે તો તેઓને લાભાન્વીત થઇ શકે. આમ, અરજદાર દ્વારા સદર વીજજોડાણ વહેલી તકે મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદારે તા.૦૬.૦૧.૨૦૨૨ નાં રોજ ગ્રામ્ય વિભાગીય કચેરીમાં મેં.સિલ્વર કન્ઝયુમર ઈલેક્ટ્રીકલ પ્રા. લી. નાં નામનું ૫૮૫ કેવીએનું કનેક્શન મેળવવા માટે જરૂરી ડોકયુમેન્ટ આપેલ જે અનુસંધાને ઘટતા ડોકયુમેન્ટ બાબત અરજદારને પીજીવીસીએલની ગ્રામ્ય વિભાગીય કચેરી - રાજકોટ તરફથી પત્ર : RRD/ REV/ HT/1265 DT:12.01.2022 નાં પત્ર લખેલ જે ઘટતા દસ્તાવેજ અરજદાર દ્વારા પૂર્ણ થતા તા.૧૦.૦૨.૨૦૨૨ થી તેઓની અરજી રજીસ્ટ્રેશન થયેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

3.૧ ઉપરોક્ત બાબતે ગ્રામ્ય વિભાગીય કચેરી - રાજકોટ દ્વારા દરખાસ્ત નં - RRD/T-1/HT CONSUMER/25.02.2022 થી મોકલાવેલ જે અનુસંધાને કાર્યપાલક ઈજનેર જેટકો રાજકોટ તરફથી પત્ર નં ૨૧.૨૨/DM/RAJ/43/397 DT:02.03.2022 નાં રોજ શરતી મંજુરી કન્કરન્સ આપવામાં આવેલ. જે અનુસંધાને રાજકોટ રૂરલ ડિવિઝન દ્વારા અરજદારને પત્ર નં PGVCL/RRD/T-1/CANCELLATION/2480 DT:05.03.2022 થી તેઓની અરજી રદ કરવા બાબતનો પત્ર લખેલ.

ત્યારબાદ પીજીવીસીએલની ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ દ્વારા જેટકોને પત્ર RRC/TECH/૩૪૨૨ તા.૨૫.૦૪.૨૦૨૨ થી સ્પષ્ટ કન્કરંસ આપવા ભલામણ કરવામાં આવેલ છે. આમ જેટકો દ્વારા સ્પષ્ટ કન્કરંસ આપવામાં આવશે ત્યારબાદ અરજદારને ભાવપત્રક આપવામાં આવશે તેમજ કનેક્શન આપવાની આગળ કાર્યવાહી કરવામાં આવશે.

3.૨ ઉપરોક્ત મુદ્દા નં ૩.૧ અન્વયે જેટકોના પત્ર નં - ૧૦૧૬ તા.૨૩.૦૫.૨૦૨૨ થી અપાયેલ શરતી મંજુરી મુજબ ૬૬ કેવી વાજડી-સેન્ટ્રલ લીંક લાઈનની કામગીરી લગભગ - ૬૦ દિવસની અંદર પૂર્ણ થાશે

ત્યારબાદ સદર નવું વીજજોડાણ આપવાની ટેક્નીકલી શરતીય મંજુરી આપેલ, જે અનુસંધાને ભાવપત્રક આપવાની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા તા.૦૬.૦૧.૨૦૨૨ નાં રોજ પીજીવીસીએલની ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટમાં મેં.સિલ્વર કન્ઝયુમર ઈલેક્ટ્રીકલ પ્રા. લી. નાં નામનું ૫૮૫ કેવીએનું કનેક્શન મેળવવા માટે અરજી કરેલ છે. જે અનુસંધાને પીજીવીસીએલ દ્વારા જેટકોમાંથી શરતીય મંજુરી મળવાના કારણોસર અરજદારની સદર અરજી રદ થતા અરજદારે સદર અરજી રદ ન કરવા અને જેટકોની જરૂરી કાર્યવાહી પૂર્ણ થયા બાદ મંજુરી મળ્યેથી વીજજોડાણ આપવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારે નવું એચ.ટી. વીજજોડાણ મેળવવા માટે જરૂરી ડોકયુમેન્ટ આપી પીજીવીસીએલની વિભાગીય કચેરી ખાતે અરજી નોંધાવેલ જે અનુસંધાને પીજીવીસીએલ દ્વારા અરજીને સંલગ્ન આધાર-પુરાવાની અરજી અન્વયે ઘટતા દસ્તાવેજીક પેપર્સ પૂર્ણ કરવા તા.૧૨.૦૧.૨૦૨૨ થી અરજદારને જાણ કરેલ છે. જે અનુસંધાને અરજદાર દ્વારા જરૂરી આધાર-પુરાવા રજુ કરતા અરજદારની નવા એચ.ટી. વીજજોડાણની અરજીની નોંધણી તા.૧૦.૦૨.૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે. જે અનુસંધાને પીજીવીસીએલ દ્વારા જેટકો માંથી જરૂરી મંજુરી મેળવવા માટે પત્ર તા.૨૫.૦૨.૨૦૨૨ થી મોકલાવેલ જે અંતર્ગત જેટકો દ્વારા તા.૦૨.૦૩.૨૦૨૨ થી શરતીય મંજુરી આપતા અરજદારની સદર અરજી પીજીવીસીએલ દ્વારા રદ કરવાની જાણ અરજદારને તા.૦૫.૦૩.૨૦૨૨ ના લેખિત પત્ર દ્વારા કરેલ છે.

૪.3 ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા તેઓની સદર અરજી રદ ન કરવા અને જેટકોની જરૂરી કામગીરી પૂર્ણ થયા બાદ ભાવપત્રક આપવા અરજદારે રજૂઆત તા.૦૬.૦૪.૨૦૨૨ થી જીયુવીએનએલમાં લેખિત પત્ર દ્વારા કરેલ છે. તે મુજબ અરજદારે નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ જણાવેલ મુદ્દા નં ૪.૩ રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

"The licensee is responsible for ensuring that its distribution system is upgraded, extended and strengthened to meet the demand for electricity in its area of supply. The cost of extension of distribution mains and extension / up-gradation of the system up to the point of supply for meeting demand of new consumers and the cost of extension of service connection from the distribution mains to the point of supply shall be levied as per the GERC (Licensee's Power to Recover Expenditure incurred in providing Supply and Other Miscellaneous Charges) Regulations, 2005 and amendments thereof.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૪ સદર કેઈસની સુનાવણી દરમ્યાન પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ મૌખિક રજૂઆત મુજબ જેટકો દ્વારા જરૂરી વીજલાઈનની કામગીરી હાલ પ્રગતી હેઠળ છે તેમ જણાવેલ જે અનુસંધાને અરજદારને ભાવપત્રક આપવાની દરખાસ્તની મંજુરી મેળવવાની કાર્યવાહી પ્રગતી હેઠળ છે જે મંજુરી મળ્યેથી અરજદારને ભાવપત્રક આપવામાં આવશે. ત્યારબાદ પીજીવીસીએલના ઈમેઈલ તા.૦૩.૦૬.૨૦૨૨ થી અત્રેના ફોરમને જાણકારી આપેલ છે તે મુજબ અરજદારને પત્ર નં – ૫૯૦૩ તા.૦૧.૦૬.૨૦૨૨ થી નીચે મુજબ જણાવેલ શરતીય મંજુરીને ધ્યાને રાખીને અરજદારને ભાવપત્રક આપેલ છે.

**"Connection will be released after commercial commissioning of 66 KV Vajdi Central Link Line which may completed within 60 Days"**

૪.૫ સદર કેઈસના લાગુ પડતા નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૩૨ નીચે મુજબ છે.

"In case of application for HT/EHT supply the licensee shall forward the application to the Transmission Licensee within three days of its receipt for its further processing in terms of provisions in the Grid Code. The Transmission Licensee within 7 working days of receipt of the application from distribution licensee, shall intimate the distribution licensee regarding feasibility or otherwise of the application. Comments of the Transmission Licensee shall be communicated to the applicant within three days thereafter.

In case the application is found feasible and subject to compliance as provided in Clause 4.29 above, the Distribution Licensee shall issue a demand note in writing, under acknowledgement, within the timeline specified in GERC (Standard of Performance of Distribution Licensee) Regulations, 2005 and amendments thereof.

Provided that the time taken by applicant in securing the compliance as provided in Clause 4.29 above and time taken by Transmission Licensee in giving feasibility report shall not be included in the timeline specified in GERC (Standard of Performance of Distribution Licensee) Regulations, 2005 and amendments thereof."

૪.૬ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ લેખિત રજૂઆતનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે પીજીવીસીએલ દ્વારા જેટકો માંથી સ્પષ્ટ ટેકનીકલ મંજુરી ન મળવાના કારણોસર અરજી રદ કરવાની કાર્યવાહી કરેલ ત્યારબાદ અરજદારની સદર અરજી ચાલુ રાખવા અને જેટકોમાંથી સ્પષ્ટ ટેકનીકલ મંજુરી મળ્યા બાદ સત્વરે ભાવપત્રક આપવાની લેખિત રજૂઆત કરેલ જે અનુસંધાને જરૂરી ટેકનીકલ બાબતનો અભ્યાસ કરતા ઉપરોક્ત મુદ્દા નં ૩.૨ મુજબ જેટકો દ્વારા જરૂરી વીજલાઈનની કામગીરી પૂર્ણ થયા બાદ પીજીવીસીએલ દ્વારા અરજદારના સદર નવા વીજજોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તે મુજબની શરતે અરજદારને ભાવપત્રક તા.૦૧.૦૬.૨૦૨૨ થી આપવામાં આવેલ છે આમ અરજદાર દ્વારા અત્રેના ફોરમમાં કરેલ રજૂઆત મુજબ પીજીવીસીએલ દ્વારા સદર ફરિયાદનું નિરાકરણ કરાયેલ છે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ અને ૪.૬ મુજબની વિગતેની જાણકારી બન્ને પક્ષકારોને આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (શ્રી ડી.વી.લાખાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧